અપીલ અરજી નં.૫૪/૦૮–૦૯ તા. ૯–૬–૦૮

અરજદારઃ શ્રી ભગવાન બી. પોકળે
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન

# હુકમઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભગવાન બી. પોકળેની તા.૧૦–૪–૦૮ ની અરજીથી ભેસ્તાન ખાતે આવેલ દીપજયોત સોસાયટી ખાતે થયેલ હાઈટેન્શન લાઈન નીચે થયેલ બાંધકામની તથા સીઓપીમાં થયેલ બાંધકામની પરમીશન અંગે માહિતી મેળવવા બાબત તથા બાંધકામની ગુણવત્તા ચકાસણી કરી તેની પ્રમાણિત નકલો મેળવવા બાબત.

સંદર્ભેઃ– અરજદાર મજકુરની તા.૯–૬–૦૮ ની અપીલ અરજી નં.૫૪/૦૮–૦૯

શ્રી ભગવાન બી. પોકળેની તા.૧૦–૪–૦૮ ની અરજીથી ભેસ્તાન ખાતે આવેલ દીપજયોત સોસાયટી ખાતે થયેલ હાઈટેન્શન લાઈન નીચે થયેલ બાંધકામની તથા સીઓપીમાં થયેલ બાંધકામની પરમીશન અંગે માહિતી મેળ વવા બાબત તથા બાંધકામની ગુણવત્તા ચકાસણી કરી તેની પ્રમાણિત નકલો મેળવવા બાબતે માંગવામાં આવેલી માહિતીના અનુસંધાને સા.ઝોન/ટેક./આ.નં.૧૧૩૯ તા.૯–૫–૦૮ થી આપેલ માહિતી અપૂરતી હોવાનું જણાવી ડે.કમિશનર (જનરલ) અને એપેલેટ ઓફિસરને તા.૯–૬–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા અપૂરતી હોવા અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૯ તા.૧૧–૬–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સા.ઝોન/ટેક./આ.નં.૨૮૮૦ તા.૨–૭–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારે અપીલ અરજીમાં અરજીની વિગતો આધાર પૂરાવા રજૂ કરેલ નથી જયારે જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/ટેક./આ.નં.૧૧૩૯ તા.૯–૫–૦૮ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં માહિતીના આધારે અરજદારને સા.ઝોન/ટેક./આ.નં.૧૪૭૬/૧ તા.૨૧–૫–૦૮ થી મંજુર પ્લાન અને રજાચિઠ્ઠીની અરજદારને નકલ પૂરી પાડેલ જણાય છે. તથા સા.ઝોન/ટેક./આ.નં.૨૮૮૦ તા.૨–૭–૦૮ થી મુદ્દાનં.સી અંગે સ્પષ્ટતા કરતાં જણાવેલ છે કે અરજદારની રજૂઆત માહિતી માંગવાની નથી પરંતુ ગુણવત્તા ચકાસી કાર્યવાહીને લગતી છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૦–૪–૦૮ની અરજીથી માંગ્યા મુજબની ઉપલબ્ધ દફતરી માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડેલ છે. જેથી અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. ફરીયાદના નિકાલ અંગે અરજદાર સક્ષમ સત્તાધીશને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી ભગવાન બી. પોકળે,